અપીલ અરજી નં.૧૬૫ તા.૩૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ડો. દિપકકુમાર પ્રવિણચંદ્ર ભટ્ટ
સામાવાળાઃ–(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
(૨) આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો. દિપકકુમાર પ્રવિણચંદ્ર ભટ્ટની તા.૨૧–૭–૦૯ ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાના ડે. કમિશ્નર (હે અને હો) ના હોદ્દા માટેની લાયકાત કઈ? આ માટે થયેલ ઠરાવની નકલ આપવી. (૨) ડે.કમિશ્નર (હે અને હો) ના પાવર ડેલીગેશનની નકલ આપવી.(૩) સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીના હોદ્દા માટેની લાયકાત કઈ? આ માટે થયેલ ઠરાવની નકલ આપવી.(૪)આરોગ્ય અધિકારીના પાવરડેલીગેશનની નકલ આપવી. (૫) ડે.કમિશ્નર (જન.) ના હોદ્દા માટેની લાયકાત શું? આ લાયકાત માટે થયેલ ઠરાવની નકલ આપવી વિ. મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૩૧–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૬૫/૨૦૦૯–૧૦

શ્રી ડો. દિપકકુમાર પ્રવિણચંદ્ર ભટ્ટની તા.૨૧–૭–૦૯ ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાના ડે. કમિશ્નર (હે અને હો) ના હોદ્દા માટેની લાયકાત કઈ? આ માટે થયેલ ઠરાવની નકલ આપવી. (૨) ડે.કમિશ્નર (હે અને હો) ના પાવર ડેલીગેશનની નકલ આપવી. (૩) સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીના હોદ્દા માટેની લાયકાત કઈ ? આ માટે થયેલ ઠરાવની નકલ આપવી. (૪)આરોગ્ય અધિકારીના પાવર ડેલીગેશનની નકલ આપવી. (૫) ડે.કમિશ્નર (જન.) ના હોદ્દા માટેની લાયકાત શું? આ લાયકાત માટે થયેલ ઠરાવની નકલ આપવી વિ. મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૫૮૮ તા.૨૬–૮–૦૯ થી આપેલ માહિતી તથા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી.૧૨૫૮ તા.૩૧–૭–૦૮ ના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૦૮ તા.૭–૯–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) અને આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક નં.જીએડી/ઈએસટી/૧૭૮૮ તા.૧૦–૯–૦૯ થી મુદ્દા નં.૭ તથા ૧૦ ની પૂરક વિગતો પૂરી પાડેલ છે. જેમાં ડે.આરોગ્ય અધિકારીની ઠરાવની નકલ, પબ્લિક હેલ્થ ખાતામાં ૫ વર્ષ નોકરી પૂરી કરનાર તબીબોની યાદીની નકલ, નોંધ વિભાગ સેન્ટ્રલ ઝોન/આરટીઆઈ/જાવક નં.૫૦૮ તા.૨૨–૭–૦૯ નો તબદીલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને નં.સી.૧૨૫૮ તા.૩૧–૭–૦૯ થી દસ્તાવેજી નકલો આપવા અંગે પાઠવેલ પત્રની નકલ, ડે.મ્યુ. કમિશ્નર(હે.અને હો.) ની લાયકાતના ઠરાવની નકલ, સામાન્ય સભાના તા.૨૦–૪–૮૫ ના ઠરાવ નં.૬૭ ની નકલ, રાજય સરકારનો તા.૧૨–૨–૬૭ના પત્રની નકલ, તા.૧૦–૬–૮૧ નો ઠરાવ નં.૬૯ ની નકલ, ડે.કમિશ્નર(જન.)ની લાયકાતની ગેઝેટની નકલ, આસી.કમિશ્નરની લાયકાત અંગે તા.૨૧–૧૦–૮૫ નો પત્રની નકલ, આસી.કમિશ્નરના લાયકાતના ઠરાવ નં.૭૯૮ ૨૦૦૭ તા.૨૪–૯–૦૭ ના ઠરાવની નકલ, નં.પીઆરઓ/૪૯૦/૦૮–૦૯ તા.૨૯–૧૨–૦૮ ની જાહેરાતની નકલ, અરજદારને નં.જીએડી/ઈએસટી/૧૪૪૬ તા.૧૭–૮–૦૯ દસ્તાવેજી નકલ મેળવી લેવા પાઠવેલ પત્રની નકલ તથા નં.જીએડી/ઈએસટી/૧૫૮૮ તા. ૨૬–૮–૦૯ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી૧૬૮૭ તા.૧૬–૯–૦૭ થી અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.સી.૧૨૫૮ તા.૩૧–૭–૦૯ થી દસ્તાવેજ નકલ ફી રૂા.૫૫૦/–ભરી માહિતી મેળવી લેવા પાઠવેલ પત્ર તથા નં.સી.૧૬૩૮ તા.૧૦–૯–૦૯ ના રોજ અરજદારને સીડી સ્વરૂપે માહિતી ઉપલબ્ધ ન હોવાની જાણ કરતા પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા. ૨૧–૭–૦૯ ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાના ડે. કમિશ્નર (હે અને હો) ના હોદ્દા માટેની લાયકાત કઈ? આ માટે થયેલ ઠરાવની નકલ આપવી. (૨) ડે.કમિશ્નર (હે અને હો) ના પાવર ડેલીગેશનની નકલ આપવી. (૩) સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીના હોદ્દા માટેની લાયકાત કઈ ? આ માટે થયેલ ઠરાવની નકલ આપવી. (૪) આરોગ્ય અધિકારીના પાવરડેલીગેશનની નકલ આપવી. (૫) ડે.કમિશ્નર (જન.) ના હોદ્દા માટેની લાયકાત શું? આ લાયકાત માટે થયેલ ઠરાવની નકલ (૬)સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વૃક્ષો કાપવાની સત્તા કોની પાસે છે આ અંગે થયેલા ઠરાવની નકલ (૭) પબ્લિક હેલ્થ નો અનુભવ એટલે શું? તે માટે નકકી કરેલા ધારાધોરણોની ઠરાવની નકલ (૮) આસી. કમિશ્નરની મંજુર પોસ્ટ કેટલી? આ હોદ્દા માટેની લાયકાત શું? આસી. કમિશ્નરના પાવર ડેલીગેશનની નકલ, (૯) આસી. કમિશ્નર અને ડે.કમિશ્નરના હોદ્દા માટે જાન્યુ. ૨૦૦૯ માં બહાર પાડવામાં આવેલી જાહેરાત સબંધે બંને હોદ્દા

માટે બનાવવામાં આવેલ લાયક ઉમેદવારોની યાદી (૧૦) હાલમાં સુરત મહાનગરપાલિકામાં કયા ડોકટરો પબ્લિક હેલ્થનો અનુભવ ધરાવે છે તેની યાદીની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાના ડે.કમિશ્નર (હે.અને હો.) આરોગ્ય અધિકારી અને આસી. કમિશ્નરના પાવર ડેલીગેશનની નકલ કુલ ૨૭૭ રૂા.૫૫૪/– ભરપાઈ કરીને રૂમ નં.૭૫ નો સંપર્ક કરવાથી તજવીજ કરવામાં આવશે તેવું જણાવેલ. ત્યાર બાદ અરજદારે તા.૩–૮–૦૯ ના પત્રથી ૨૭૭ પાનાની સોફટકોપી (સીડી) થતા લેખિતમાં જવાબ સંકલિત કરીને મોકલવાની રજૂઆત કરેલ. જે અંગે અરજદારને પત્ર નં.સી.૧૬૩૮ તા.૧૦–૯–૦૯ થી સીડીની માંગણી કરેલ છે જે સ્વરૂપે ઉપલબ્ધ નથી. તેવી માહિતી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ છે. ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૧૪૪૬ તા.૧૭–૮–૦૯ થી રૂા.૧૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૭૮૦૧૬ તા.૨૪–૮–૦૯ થી રૂા.૧૮/– ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. તેમજ મુદ્દા નં.૧,૩,૫,૭,૮ અને આંશિક ૯ તથા૧૦ ની માહિતી નં.જીએડી/ઈએસટી/ ૧૫૮૮ તા.૨૬–૮–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીઓના મળેલા પ્ર તિભાવથી નારાજ થઈ તા.૩૧–૮–૦૯ ના રોજ અરજી કરેલ છે. જેમાં અપીલના મુદ્દા નં.૧ અરજદારે મુળ અરજીના મુદ્દા નં.૨,૪ અને ૬ ની માહિતીની સીડી/ડીવીડી ની માંગણી કરેલ છે. જે અંગે અરજદારને તે જ સ્વરૂપે ઉપલબ્ધ નહીં હોવાનું જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે પૈકી આંશિક માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે બાકી અંગે ફી ભર્યેથી ઉપલબ્ધ સ્વરૂપમાં માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે. અરજદાર તરફથી સીડી અને ડીવીડી માંગવાનો આગ્રહ આરટીઆઈના કાયદા સાથે સુસંગત નથી. અપીલ મુદ્દા નં.૨ માં મુળ અરજીના મુદ્દા નં.૯ બાબતે આવેલી અરજીઓની યાદીની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ વહીવટી કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. આખરી નિર્ણય થયા બાદ માહિતી આપી શકાશે. જે આરટીઆઈની કલમ–૮ (ઠ) સાથે સુસંગત છે. અપીલના મુદ્દા નં.૩ માં અરજદારે મુળ અરજીના મુદ્દા નં.૭ જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ આધારીત આવી કોઈ માહિતી નથી તેવી રજૂઆત કરેલ છે. જયારે મુદ્દા નં.૧૦ પબ્લિક હેલ્થના અનુભવ લાયકાત ધરાવતાં હાલના સેવારત તબીબોની યાદી રજૂ કરવા આગ્રહ રાખેલ છે. વધુમાં તેમાં અરજદારે જણાવેલ છે કે મે કોઈ અભ્યાસની માહિતી માંગેલ નથી તેથી જણાવ્યા મુજબની માહિતી રજૂ કરશો. અરજદારે અપીલ અરજીમાં સદર મુદ્દા બાબતે સુરત મહાનગરપાલિકામાં પબ્લિક હેલ્થમાં આવી લાયકાત ધરાવતા ૫ વર્ષથી વધુ અનુભવ ધરાવતાં ઉમેદવારોની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં તેની માહિતીની નકલ અત્રે રજૂ કરેલ છે. પરંતુ અરજદારને તે માહિતી પૂરી પાડેલ હોય તેવું જણાતું નથી. ગાર્ડન સુપ્રિ ટેન્ડેન્ટને તબદીલ થયેલ અરજી બાબતે મુદ્દા નં.૬ અંગે તેમણે અરજદારને માહિતી આપ્યાની કોઈ વિગત અરજદારે કે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રે રજૂ થયેલ જણાતી નથી. પરંતુ તે મુદ્દો પણ સત્તા સોંપણીને લગતો જણાય છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી મુદ્દા નં.૭ અને ૧૦ ની અપીલ તબકકે રજૂ થયેલ વિગત અનુસારની માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૨ અને ૪ માટે આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપલબ્ધ માહિતી ફી ભરપાઈ કર્યેથી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદારે સૂચવેલ રીતે માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે. પરંતુ મુદ્દા નં.૬ પણ સત્તા સોંપણીના ઠરાવની બાબત હોઈ તેની નકલ અરજદારને આરટીઆઈ એકટની કલમ૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

ડાયરેકટર ઓફ પ્લાનીંગ
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી)ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (સ્પે)ગાર્ડન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો. દિપકકુમાર પ્રવિણચંદ્ર ભટ્ટ